# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુ.કૃ.યુ.
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે
**ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

## અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૨૦/૨૦૨૧

**તા. ૦૯-૦૩-૨૦૨૧**

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

### પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન

| અ. નં. | હવામાન પરિબળો | 03/03/2021 | 04/03/2021 | 05/03/2021 | 06/03/2021 | 07/03/2021 | 08/03/2021 | 09/03/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 36.4 | 37.6 | 39 | 38.2 | 36.4 | 38 | 37.8 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 18.5 | 18.2 | 20.2 | 20.6 | 19.5 | 18.8 | 20 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 48 | 51 | 47 | 52 | 76 | 89 | 80 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 11 | 11 | 9 | 15 | 17 | 14 | 15 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 5.5 | 4.2 | 4.3 | 4.3 | 6.3 | 7.7 | 6.1 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | દક્ષિણ-180 | ઇશાન-45 | વાયવ્ય-315 | વાયવ્ય-315 | નૈઋત્ય-225 | દક્ષિણ-180 | વાયવ્ય-315 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

### તા. 10/03/2021 થી 14/03/2021 ની હવામાન આગાહી:

| અ. નં. | હવામાન પરિબળો | 10/03/2021 | 11/03/2021 | 12/03/2021 | 13/03/2021 | 14/03/2021 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 38 | 38 | 37 | 37 | 38 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 20 | 19 | 20 | 21 | 21 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 49 | 61 | 47 | 40 | 24 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 13 | 13 | 18 | 12 | 13 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 13.8 | 14.6 | 14.4 | 13.9 | 15.9 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | પશ્ચિમ-259 | પશ્ચિમ -261 | પશ્ચિમ -281 | ઉત્તર -15 | પૂર્વ-68 |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 0 | 0 | 0 | 0 | 0 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઈ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

**હવામાન સારાંશ**


અમરેલી જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન હવામાન આંશિક ભેજવાળું, ગરમ અને આકાશ ચોખ્ખુ રહેવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાન ૧૯ થી ૨૧ °સે અને મહત્તમ તાપમાન ૩૭ થી ૩૮ °સે રહેવાની શક્યતા છે.

પવન મોટેભાગે ક્રમશ: પશ્ચિમ, ઉત્તર તેમજ પૂર્વ દિશાથી ૧૩ થી ૧૬ કીમી/કલાક ની ગતિના ઝાટકા સાથે ફૂંકાવાની શક્યતા છે.

o **જાફરાબાદ**: જાફરાબાદ તાલુકામાં આગામી પાંચ દિવસ દરમિયાન હવામાન ગરમ અને આકાશ ચોખ્ખુ રહેવાની શક્યતા છે. લઘુત્તમ તાપમાન ૨૩ થી ૨૭ °સે જેટલું અને મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ °સે

| | |
|---|---|
| | રહેવાની શક્યતા છે. પવન મોટેભાગે વાયવ્ય ખૂણામાંથી તેમજ ઉત્તર દિશામાંથી, ૧૫ થી ૧૮ કિમી/કલાક ની ગતિના ઝટકા સાથે ફૂંકાવાની રહેવાની શક્યતા છે.<br><br>આગોતરું અનુમાન: તા ૧૨ થી ૧૮ માર્ચમાં માં માં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં લઘુત્તમ તાપમાન ૨૦ થી ૨૨ °સે અને મહત્તમ તાપમાન ૩૪ થી ૩૬ રહેવાની શક્યતા છે. |
| **સામાન્ય કૃષિ સલાહ** | o ચોમાસુ, અર્ધશિયાળુ કે શિયાળુ પાકની કાપની પછી ઉનાળાના સમયે ખાસ કરીને ચોમાસુ પાકના વાવેતર માટે જમીન તૈયાર કરવા જમીનમા ભેજનુ પ્રમાણ વરાપ અવસ્થાએ હોય ત્યારે જમીનને ખેડવી, ઢેફા ભાંગવા, જમીન સમતલ કરવી, કરબ ચલાવવી વગેરે ખેડકાર્યો ખેત ઓજારોથી જમીનને પોચી, ભરભરી તેમજ ઉલટસુલટ કરવી જેથી જમીનની રચના અથવા બંધારણ સુધરે, નીંદણનો નાશ થાય અને આગલા પાકના અવશેષો, જમીનમાં દટાઇને જમીનના સેન્દ્રીય પદાર્થમાં વધારો કરે છે.<br>o જમીનમાં ભેજ સંરક્ષણ અને નિંદણ નિયંત્રણ માટે પ્લાસ્ટિક મલ્ચ (આવરણ) અથવા પાક અવશેષોના આવરણનો ઉપયોગ કરવો.<br>o ઉનાળુ મગ અને અડદ ના વાવેતર માટે જમીનની તૈયારી કરવી.<br>o ચણા, જીરું, ધાણા અને અજમાની યોગ્ય પરિપક્વતા ચકાસી કાપણી કરી કાપણી કરેલ પાકની છાંયડામાં સુકવણી કરવી.<br>o તાપમાન સામાન્ય કરતા વધવાને કારણે પશુઓને ઝાડના છાંયડે બાંધવા વારંવાર પાણી આપવું, અને પાણીનો છંટકાવ કરવો. |
| **SMS** | o દુધાળા પશુઓને ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઈએ. |

## લઘુત્તમ અને મહત્તમ તાપમાન માટેની ૪ અઠવાડિયાની આગાહી





## પાક મુજબ કૃષિ સલાહ


| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| મરચા | | સૂક્ષ્મ તત્વનું નિયમન | • મરચીના પાકમાં વારંવાર જસત અને લોહતત્વની ઉણપ જણાતી હોય છે. તે માટે ઝિંક સલ્ફેટ ફેરસ સલ્ફેટ અને બોરેક્ષનો છંટકાવ કરવો. |
| | | વીણી | • રોપણી બાદ ૬૫ થી ૭૫ દિવસ પછી લીલા મરચાની વીણી શરુ થાય છે. લીલા મરચા માટે ૨૦ થી ૨૨ દિવસના સમયાંતરે વીણી કરવી. |
| | | થ્રીપ્સ | • ફેર રોપણી બાદ ૧૫ દિવસે કાર્બોફ્યુરાન ૩જી ૧૭ કિ.ગ્રા./ હેક્ટર પ્રમાણે આપવી ૩૦ દિવસે ટ્રાયઝોફોસ ૪૦ ઈ.સી. ૧૦ મી.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૦ થી ૧૫ દિવસના સમયગાળે વારાફરતી છંટકાવ કરવો. |
| કપાસ | પૂર્વ તૈયારી | ગુલાબી ઈયળ | • સમયસર કપાસ વીણી લઇ તેમાં ઘેટા-બકરાં અને ઢોરને ચરાવવા<br>• કરાંઠીઓને ફૂંકણીનો ઉપયોગ કરી ભૂકો બનાવી સેન્દ્રિય ખાતર બનાવવામાં ઉપયોગ કરવો<br>• ખેતર અને તેની આસપાસમાં ઊભેલા કપાસના છોડ એકત્ર કરી નાશ કરવો.<br>• જીનીંગ મીલની અંદર અને બહારથી નકામા કચરાનો યોગ્ય રીતે નાશ કરવો. |
| મકાઇ | | પૂછડે ચાર ટપકા વાળી ઈયળ |   <br>**<u>નુકશાનનો પ્રકારઃ</u>**<br>• ઈંડાના સમુહમાંથી નીકળેલી નાની ઇયળો કુમળા પાન પર રહી હરિત દ્રવ્યોનો ભાગ ખાતી હોવાથી ઉપદ્રવીત પાન પર સફેદ રંગના ધાબાં જોવા મળે છે. ઈયળની હગાર નાના નાના જથ્થામાં લાકડાના વહેર જેવી જોવા મળે છે. છોડની ભુંગળીમાં સામાન્ય રીતે એકથી બે ઇયળો જોવા મળે છે.<br>**<u>નિયંત્રણ</u>**<br>• પ્રતિ હેકટરે એક પ્રમાણે પ્રકાશ પિંજર ગોઠવવા.<br>• જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારાઈઝીયમ એનીસોપ્લી નામની ફુગનો ૪૦ ગ્રામ પાવડર ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.<br>• લીમડા આધારિત જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાથી ઇયળો ખાવાનું બંધ કરી દેતી હોવાથી લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા લીંબડાનું તેલ ૩૦ થી ૪૦ મીલી કપડા ધોવાના સાબુનો પાવડર ૧૦ ગ્રામ અથવા લીમડા આધારિત બજારમાં મળતી દવા ૪૦ મીલી (૧૫૦૦ પીપીએમ) પૈકી કોઇપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• **ઉપરોક્ત ઉપાયો હાથ ધરવા છતાં પણ નિયંત્રણના પરિણામો** |

| | | | |
|---|---|---|---|
| | | | **સંતોષકારક ન મળે** તો છેલ્લા ઉપાય તરીકે ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૫ મીલી અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલી અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૩ ગ્રામ અથવા ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મીલી દવા પૈકી કોઇપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને સાંજના સમયે છંટકાવ કરવો.<br>• **આ જીવાતની સંપૂર્ણ માહિતી અને સંકલિત વ્યવસ્થાપન માટે અહી ક્લિક કરવું** |
| **તલ (ઉનાળુ)** | **જમીનની તૈયારી અને જાતની પસંદગી** | **નિંદણ નિયંત્રણ** | • તલના પાકને વાવેતરના ૩૦ થી ૪૫ દિવસ સુધી નિંદણમુક્ત રાખવો. આ માટે એક થી બે આંતરખેડ અને બે વખત હાથથી નિંદામણ કરવા. |
| | | **પિયત** | • તલના પાકને બીજા પિયત વખતે પાણી ઓછુ આપવું, આ સમયે તલના છોડ નાના હોય છે. અને વધુ પાણીના લીધે છોડ બળી જવાની શક્યતા રહે છે.<br>• પ્રથમ પિયત વાવેતર બાદ તુરંત અને વાવેતરના છ દિવસ બાદ બીજુ પિયત આપવું.<br>• કુલ ૮ થી ૧૦ પિયત પાકની વૃદ્ધિની અવસ્થા, જમીનની પરત અને હવામાન પરિસ્થિતિ મુજબ ૮ થી ૧૦ દિવસના અંતરે આપવા. |
| **તરબૂચ** | **વાવેતર થી વૃદ્ધિ** | **વાવેતર સમય** | • જાન્યુઆરીના બીજા અઠવાડિયાથી માંડીને માર્ચની આખર સુધીમાં કરી શકાય. |
| | | **બિયારણનો દર અને વાવણી અંતર** | • જમીનની પ્રત અને તેની ફળદ્રુપતાને ધ્યાને રાખીને તરબૂચનું ૨ મીટર × ૧ મીટરના અંતરે વાવેતર કરવું અથવા જોડિયા હાર પદ્ધતિથી ૧ મીટર × ૦.૬ મીટર × ૩.૪ મીટરના અંતરે (દરેક હારમાં બે છોડ વચ્ચે ૧ મીટર, બે હાર વચ્ચે ૩.૪ મીટર અંતરે) વાવણી કરવી. ટૂંકા અંતરે વાવેતર કરેલ પાકમાં ફળો કદમાં નાના રહે છે. વાવણીનું અંતર અને બીજના કદને ધ્યાનમાં લેતા ૨.૫ થી ૩.૦ કિ.ગ્રા. બીજ એક હેકટરના વાવેતર માટે જરૂરી છે. બીજને વાવણી કરતાં પહેલાં ફૂગનાશક દવાની બીજ માવજત આપવી. હાઇબ્રિડ જાતનું વાવેતર કરવું |
| | | **નર-માદા રેશિયો** | • નર ફૂલોના પ્રમાણમાં વધુ માદા ફૂલો મેળવવા માટે બોરેક્ષ ૩૦ થી ૪૦ ગ્રામ પ્રતિ દસ લીટર પાણી માં છંટકાવ કરવો |
| | | **ટોપ ડ્રેસિંગ** | • વાવેતર પછીના ૨૫ દિવસે નાઈટ્રોજન ૩૫ કિગ્રા પ્રતિ હેક્ટર પુરતી ખાતર તરીકે આપવું |
| | | **પાક સંરક્ષણ** | • મોલો મશીના નિયંત્રણ માટે ૧૦ થી ૧૫ યલો સ્ટીકી ટ્રેપ (પીળા ચીકણા પિંજર) લગાડવા. |
| | | **છટણી** | • તરબુચના વેલાની એક મુખ્ય અને બીજી બે બાજુમા શાખા રાખી બાકીની કાઢી નાખવી. આ કાર્ય જયારે તરબૂચ નાના હોય ત્યારે કરવુ.<br>• ફળની સંખ્યા કરતા કદ પર ભાર મુકવો હોય ત્યારે ફળ નાના હોય તે વ્હ્રાતે વધારાના ફળ તોડી નાખી સંખ્યા ઓછી કરવી. |
| | | **કેળવણી** | • વેલાની વૃદ્ધિ નીકળી એક જ બાજુએ થાય એ માટે શરૂઆત થી જ દરેક વેલાને કેળવવા. આમ કરવાથી નીકમા પિયત સહેલાઇથી આપી શકાય છે. અને ફક્ત નીકમા જ પિયત આપવાથી ફળને વધુ ભેજથી થતું નુકશાનથી બચાવી શકાય છે. |

| | | | |
|---|---|---|---|
| **મગ-અડદ (ઉનાળુ)** | **જમીનની તૈયારી , જાતની પસંદગી અને અંકુર અવસ્થા** | **જમીનની તૈયારી** | • ઉનાળુ મગનું વાવેતર ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ સુધીના સમયગાળા દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન મળે છે. |
| | | | • વાવેતરના ૧-૨ અઠવાડિયા પહેલા છાણીયું ખાતર ૧૦ ટન અથવા અળસિયાનું ખાતર ૫ ટનમાં ટ્રાયકોડર્મા મિશ્ર કરી પ્રતિ હેકટરે આપવું |
| | | | • નિંદામણ નિયંત્રણ માટે ખેતરમાં પહેલા કોરવાણ કરી સમાર મારી પછી વાવેતર કરવું |
| | | | • સફેદ માખી અને લીલા તડતડીયાના નિયંત્રણ માટે ગલગોટાનું વાવેતર કરવું. |
| | | **બિયારણ નો દર** | • વાવણીયાથી ઓરીને વાવતેર કરવા ૧૫-૨૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર, જ્યારે પૂંખીને વાવણી કરવા માટે ૨૦-૨૫ કિ.ગ્રા. હેકટર, બે ચાસ વચ્ચે ૩૦ સે.મી. નું અંતર રાખવુ. |
| | | **બીજ માવજત** | • થાયરમ અથવા બાવિસ્ટીનનો ફુગનાશક દવાનો ૩.૦ ગ્રામ પ્રતિ કિલોગ્રામ પ્રમાણે પટ આપવો. |
| | | **રાઇઝોબીયમ કલ્ચરનો પટ** | • રાઈઝોબીયામ કલ્ચર એ કઠોળ પાકોના મૂળમાં નાઈટ્રોજનનું સ્થાપન કરતા બેકટેરીયાનું કલ્ચર છે.<br>• ફૂગનાશકનો પટ આપ્યા બાદ રાઈઝોબીયમ કલ્ચર ૫ મી.લી. પ્રતિ કિ.ગ્રા. બીજ પ્રમાણે પટ આપવાની ભલામણ છે. |
| | | **ખાતર** | • વાવણી સમયે રાસાયણિક ખાતર પ્રતિ હેકટરે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ ચાસમાં ઓરીને આપવું. તદ્ઉપરાંત હેકટરે ૨૦ કિલો સલ્ફર આપવાથી મગનું ઉત્પાદન સારું મળે છે અને પ્રોટીનનું પ્રમાણ વધવાથી દાણાની ગુણવત્તા પણ સુધરે છે. |
| | | **પિયત** | • મગનું વાવતેર ઓરવણ કર્યા પછી વરાપ થયેથી કરવું. અને પ્રથમ પિયત વાવેતરના ૨૫ થી ૩૦ દિવસે ફૂલની શરૂઆત થયા પછી આપવું. |
| **બાજરી (ઉનાળુ)** | **જમીનની તૈયારી અને જાતની પસંદગી** | **ફેર રોપણી** | • શિયાળુ પાકની કાપણી બાદ ઉનાળુ બાજરીનો પાક લેવા માટે ૨૦ થી ૨૫ દિવસ અગાઉ બાજરીનું ધરૂ નાખવું જોઇએ. |
| | | **ખાતર** | • નાઈટ્રોજનનો અડધો જથ્થો (૬૦ કિ.ગ્રા.) અને ફોસ્ફરસનો બધો જ જથ્થો (૬૦ કિ.ગ્રા.) વાવેતર અગાઉ ચાસમાં પાયાના ખાતર તરીકે આપવો.<br>• બાકીના નાઇટ્રોજનનો અડધો જથ્થો (૬૦ કિ.ગ્રા.) પાક એક માસનો થાય ત્યારે નિંદામણ અને પારવણી બાદ પૂર્તિ ખાતર તરીકે આપવો.<br>• પૂર્તિ ખાતર જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે પાકની હારથી ૮ થી ૧૦ સે.મી. દુર અને ૭ થી ૮ સે.મી. ઊંડાઇએ આપવુ. |
| | | **પિયત** | • સામાન્ય રીતે ગોરાળુ જમીનમાં બાજરીના પાકને ૬ થી ૭ પિયત ૧૨ થી ૧૫ દિવસના અંતરે આપવા.<br>• પિયતની કટોકટી અવસ્થાઓ: અંકુર અવસ્થાઓ(૩-૫ દિવસ), ફૂટ અવસ્થા(**૨૧-૩૫ દિવસ)** , નીઘલ અવસ્થા(૪૫-૬૫ દિવસ), થૂલી અવસ્થા(૫૫-૭૫ દિવસ) અને દાણા ભરાવવાની અવસ્થા(૭૦-૯૦ દિવસ) |
| | | **નિંદણ નિયંત્રણ** | • બાજરીના પાકને ૪૫ દિવસ સુધી નિંદણ નુક્ત રાખવો અને ભેજ જાળવી રાખવો. મજુરની અછત હોય તે પરિસ્થિતિમાં નિંદણનાશક દવા એટ્રાજીન ૫૦ % વે. પા., ૧૦ ગ્રામ/૧૦ લિટર પાણીમાં ઓગાળી પાક અને નિંદામણ |

| | | | |
|---|---|---|---|
| | | | ઉગ્યા પહેલા છંટકાવ કરવો. |
| **આંબો**  | **મગ/જુવાર કદના ફળ** | **ફળનું ખરણ** | • ફળો મગ/જુવારના કદના થાય ત્યારે ૧૦૦ લિટર પાણીમાં ૨ ગ્રામ નેપ્થેલીક એસીટીક એસિડ (૨૦ પીપીએમ) અને એક કિલો યુરિયાનો છંટકાવ કરવો. |
| | **વટાણા કદના ફળ / લખોટી જેટલા કદના ફળ** | **પિયત** | • આંબામાં વટાણા જેવડી કેરી થાય ત્યારે ૧૫ દિવસના અંતરે ખામણાં ભરી પિયત આપવાથી કેરીની સંખ્યામાં વધારો થાય છે કેરીના ફળની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે અને કેરીઓ ખરી પડતી અટકે છે. |
| | | **ફળનું ખરણ** | • ફળનું કદ વટાણા જેવડું થાય ત્યારેએક ગ્રામ જીબ્રેલિક એસિડ ૧૦૦ લિટર પાણીમાં (૧૦ પીપીએમ) (પ્રથમ એસીટોન અથવા આલ્કોહોલ અથવા સોડિયમ હાઇડ્રોકસાઇડ ૫૦ મિ.લિ. લઇ તેમાં જીબ્રેલિક એસિડ ઓગાળી ૧૦૦ લિટર પાણીમાં ભેળવવું.) તથા એક કિલો યુરિયા મેળવીને છંટકાવ કરવો.<br>• જીબ્રેલિક એસિડના છંટકાવ બાદ હળવું પાણી આપી છોડ દીઠ ૫૦૦ ગ્રામ ૧૨:૩૨:૧૬ એનપીકે ખાતર તથા ૨ કિલો દિવેલી ખોળ આપી પિયત આપવું. |
| | | **ખાતર** | • જીબ્રેલિક એસિડના છંટકાવ બાદ હળવું પાણી આપી છોડ દીઠ ૫૦૦ ગ્રામ ૧૨:૩૨:૧૬ એનપીકે ખાતર તથા ૨ કિલો દિવેલી ખોળઆપી બીજું પાણી આપવુ.<br>• જો રાસાયણિક ખાતર ના આપવાં હોય તો ઝાડ દીઠ ૫ થી ૧૦ કિલો સેન્દ્રિય ખાતરો જેવા કે વર્મિકમ્પોસ્ટ અથવા મરઘાનું ખાતર અથવા પ્રેસમડ આપવાં.<br>• રાસાયણિક ખાતરો જમીનમાં આપ્યા બાદ એક અઠવાડીયે ઝાડ દીઠ ૨૫ મિ.લિ. એઝોટોબેકટર, ૨૫ મિ.લિ. ફોસ્ફોબેકટેરીયા, ૨૫ મિ.લિ. પોટાશ બેકટેરીયા અને ૨૫ મિ.લિ. સુપર પોટેશીયમ હયુમિક ૨૦ લિટર પાણીમાં ઓગાળી ઝાડ દીઠ-૨-૨ લિટર થડથી દોઢ-બે ફૂટ દૂર ખામણામાં રેડવું. |
| | | **આચ્છાદન/ આવરણ/ મલ્ચીંગ/ લીલો પડવાશ**  | • ઝાડ ઉપર કેરી હોય ત્યારે ખુલ્લી જમીનનો તડકો ન લાગે તે માટે કંઇ આચ્છાદન કરવું અથવા મગ/ગુવાર/શણ ઉગાડી આંબાવાડીયામાં ભેજ જાળવવો અને કેરી પાક પુરો થયા બાદ તેનો લીલો પડવાશ કરી નાખવો જેથી કેરીમાં કપાસીનો (સ્પોન્જી ટિશ્યૂ) રોગ નિવારી શકાય અને અન્ય કેરીમાં ફળ ઉપર સૂર્ય ગરમીથી પડતા ડાઘા અટકાવી શકાય. |
| | | **ભૂકિ છારો** | • ફૂલો દરમિયાન ભૂકી છારાના નિયંત્રણ માટે વેટેબલ સલ્ફર ૮૦ ટકા દવાનો ૧૦૦ લિટર પાણીમા ૨૫૦ ગ્રામ ભેળવીને છંટકાવ કરવો. |
| **લીંબુ**  | **ફળ અવસ્થા/ ફૂલ અવસ્થા** | **બળિયા ટપકા**  | • બળિયા ટપકા ના નિયંત્રણ માટે નવેમ્બર-ડિસેમ્બર, ફેબ્રુઆરી-માર્ચ, જુન અને જુલાઇ-ઓગસ્ટ માં એમ કુલ ચાર વખત ૧૦:૦૫:૧૦૦ ના પ્રમાણ વાળું બોર્ડો મિશ્રણ અથવા તાંબા યુક્ત દવાનો છંટકાવ કરવો. |
| | | **ફળ ખરી જવા** | • લીંબુ ના ફળો બેસી ગયા બાદ ૨% યુરિયા સાથે ૨૦ **ppm NAA** ના ૧-૨ છંટકાવ કરવાથી ફળ નું ખરણ ઘટે છે અને ફળ ના કાળ અને વજન માં વધારો થાય છે. |
| | | **ગુંદરિયો** | • જમીનને અડકતી ડાળીઓની છટણી કરી બાળી નાખવી. |

| | | | |
|---|---|---|---|
| | | | • થડને પાણીનો સીધો સંપર્ક ન થાય તે માટે થડ પર બોર્ડો પેસ્ટ (મોરથુથુ ૧ કિ.ગ્રા., કળીચૂનો ૧ કિ.ગ્રા. ૧૦ લિટર પાણીમાં ) લગાવી થડની ફરતે માટી ચડાવવી.<br>• અસરગ્રસ્ત ઝાડના થડ ફરતે મેટાલેક્ષિલ એમઝેડ ૭૨ વેપા (૨૫ ગ્રામ/૧૦ લિટર) નુ ડ્રેંચીંગ કરવું. |
| **મગફળી (ઉનાળુ)**<br> | **ઉગાવા થી ફૂલ અવસ્થા** | **પિયત** | • પ્રથમ પિયત વાવેતર બાદ તરત આપવું.<br>• બીજુ પિયત ૨૦ થી ૨૫ દિવસે છોડ ઉપર ફૂલ દેખાય ત્યારે આપવું, અને ત્રીજુ પિયત ૩૦ થી ૩૫ દિવસે સુયા બેસતી વખતે આપવુ. |
| | | **નિંદામણ અને આંતર ખેડ** | • મગફળીના પાકને ૪૫ દિવસ સુધી નિંદામણ મુક્ત રાખવો, આ માટે બે થી ત્રણ આંતર ખેડ કરવી. અથવા ઉભા પાકમાં વાવણીથી ૨૦ થી ૨૫ દિવસે ઈમીઝાથાયપર ૧૦ ટકા એસએલ ૧૫ મી.લી. અથવા ક્વીઝાલોફોપ ૫ ઇસી ૧૬ મિલી પ્રતિ પંપ છંટકાવ કરવો. |
| **ડુંગળી**<br> | **કંદનો વિકાસ** | **રીંગ વળી જવી અને જાંબલી ધાબાનો રોગ** |  ડુંગળીમાં જાંબલી ધાબા, કોલેટોટ્રાયકમ અને ફ્યુઝેરીયમ ફૂગનો રોગ લાગે નહિ તે માટે પ્રોપીકોનાઝોલ, મેન્કોઝેબ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પમ્પમાં વારાફરતી કોઇપણ એક દવા નાખીને ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.<br>• સફેદ કાંજી ડુંગળીના વાવેતર સમયે કાર્બેન્ડાઝીમ દવા ૨ થી ૩ ગ્રામ પ્રતિ કિલો મુજબ પટ આપીને પછી વાવેતર કરવું.<br>• શિયાળુ ડુંગળીનો રોપ ગાદી ક્યારા બનાવી તૈયાર કરવો. |
| **લસણ**<br> | **કંદ નો વિકાસ / પાક અવસ્થા** | **પિયત** | • જરૂરિયાત મુજબ પિયત આપવું. લસણમાં પાનનો પીળિયો રોગ આવે નહિ તે માટે વધુ પડતું પિયત આપવું નહિ. |
| | | **થ્રીપ્સ** | • લસણમાં થ્રીપ્સના જૈવિક નિયંત્રણ માટે બ્યુવેરીયા બેસીયાના ૧.૧૫ વેપા (લઘુત્તમ સીએફયું ૨ **x** ૧૦^૬ પ્રતિ ગ્રામ) ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ મિશ્ર કરી પ્રથમ છંટકાવ જીવાતનું નુકસાન દેખાય ત્યારે, બીજો છંટકાવ ૬૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં પ્રથમ છંટકાવના ૧૦ દિવસ બાદ અને ત્રીજો છંટકાવ ૮૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં બીજા છંટકાવના ૧૦ દિવસ બાદ કરવો. |
| **રીંગણ/**<br><br>**ટામેટા**<br> | **ફળનો વિકાસ** | **સફેદ માખી** | • રીંગણી અને ટામેટીમાં સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | **ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ** | • ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી અથવા ડીડીવીપી ૭૬ ઇસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | **પાન કથીરી** | • રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો ઈથીઓન ૫૦ ટકા ઇસી ૧૫ મિલી અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. |
| | | **લઘુપર્ણ** | • રોગ તડતડીયાંથી ફેલાતો હોવાથી રોપણી પછી ૧૦ થી ૧૫ દિવસે કાર્બોફ્યૂરાન ૩ જી ૧ કિ.ગ્રા. સ.તત્વ/હે. પ્રમાણે છોડની ફરતે રીંગ પદ્ધતિથી આપવું અને ૧૦ થી ૧૨ દિવસના અંતરે ડાયમીથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા થાયોમેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને વારાફરતી જરૂર પ્રમાણે છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
| **ઘઉં (મોડુ વાવેતર)**<br> | **ફૂલ અવસ્થા/ દુધિયા દાણા** | **સુકારો અને ગેરુ** | <br>• રોગની શરૂઆતમાં મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા |
| | | **ઉધઇ** | ઘઉંના ઊભા પાકમાં ઉધઇનો ઉપદ્રવ શરૂ થતો જણાય તો તુરત જ એક હેક્ટર પાકના વિસ્તાર માટે ફીપ્રોનિલ ૫ એસસી ૧.૬ લિટર અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૧.૫ લિટર ૧૦૦ કિ.ગ્રા. રેતી સાથે બરાબર ભેળવી માવજત આપેલ રેતી ઘઉંના ઊભા પાકમાં પૂંખવી અને ત્યારબાદ પાકને હળવું પિયત આપવું અથવા આ કીટનાશકનો જથ્થો પાણીના ઢાળીયા ઉપર લાકડાની ઘોડી મૂકી તેમાં જે તે કીટનાશકનો ડબ્બો ગોઠવી ટીપે ટીપે એક હેક્ટર વિસ્તારમાં પ્રસરે તે રીતે આપવી |
| **ઘઉં (સમયસર)** | **દુધિયા દાણા / પોંક અવસ્થા** | **કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા)** | ○ ઘઉંમાં દાણા પર કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા) ના નિયંત્રણ માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું. ત્યારબાદ પિયત આપવું નહિ.<br>○ ઘઉંની પોંક અવસ્થાએ મેન્કોઝેબ ૨૫ થી ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૫ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળીને છંટકાવ કરવો. |
| | | **બીજ શુધ્ધતા** | ○ ઘઉંમાં બિયારણની શુધ્ધતા જાળવવા સમયાન્તરે ઘઉંના વિજાતીય છોડ અન્ય પાક અને નીંદણના છોડને દુર કરવા. |
| **ઘઉં (વહેલુ વાવેતર)** | **પોંક થી પાક અવસ્થા અવસ્થા** | **કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા)** | ○ ઘઉંમાં દાણા પર કાળી ટપકી અને પોટીયા દાણા (કોડા) ના નિયંત્રણ માટે છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું. ત્યારબાદ પિયત આપવું નહિ.<br>○ ઘઉંની પોંક અવસ્થાએ મેન્કોઝેબ ૨૫ થી ૩૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૫ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળીને છંટકાવ કરવો. |
| | | **બીજ શુધ્ધતા** | ○ ઘઉંમાં બિયારણની શુધ્ધતા જાળવવા સમયાન્તરે ઘઉંના વિજાતીય છોડ અન્ય પાક અને નીંદણના છોડને દુર કરવા. |
| **જીરું**<br> | **પાક અવસ્થા થી કાપણી** | **કાપણી** | • જીરાની કાપણી વહેલી સવારે કરવી, પાકની ગુણવત્તા તેનો રંગ, સુગંધ, દાણાનો દેખાવ અને બાહ્ય કચરા ઉપર આધારિત હોવાથી યોગ્ય સમયે કાપણી અને તે પછી ની પ્રક્રિયાઓનો ખુબ જ મહત્વનો ફાળો છે.<br>• કાપણી ની ૨૦ થી ૨૫ દિવસ પહેલા વધુ સમય માટે અસર ધરાવતી જંતુનાશક દવાઓ ન છાંટવી. |
| **પશુપાલન**<br> | | | • ઉનાળાની ઋતુમાં પશુઓને રેસાયુક્ત ખોરાક આપવો જેથી તેના શરીરનુ તાપમાન વધે નહિ અને શ્વસનદર પણ સામાન્ય રહે.<br>• ઉનાળામાં વધુ દુધ આપતા પશુઓને માપસર પ્રોટીનના લીધે શરીરમાંથી ઉત્પન થતી ગરમીનું પ્રમાણ વધી જાય છે. જેની વિપરીત અસર પશુઓના પ્રજનન પર પડે છે.<br>• ગાયોમાં બાયપાસ પ્રોટીન આપવાથી દુધ ઉત્પાદન ક્ષમતામાં તેમજ ફેટમાં વધારો જોવા મળે છે.<br>• ગરમીની ઋતુમાં મિનરલ મિશ્રણમાં પોટેશીયમ અને સોડિયમ વધારે આપવું જોઇએ. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના હવામાન આધારિત કૃષિ સલાહ અંગેના તાલુકા મુજબના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે તમારા તાલુકા પર ક્લિક કરો.



# District Agrometeorological Unit (DAMU)
## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


**Join our Telegram channel and Block wise WhatsApp groups**

## Amreli District Agromet Advisory Service bulletin. No. 20 (2021)
**Date: 09-03-2021**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

### Significant weather of past week, Amreli

| No. | Parameter | 03/03/2021 | 04/03/2021 | 05/03/2021 | 06/03/2021 | 07/03/2021 | 08/03/2021 | 09/03/2021 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 36.4 | 37.6 | 39 | 38.2 | 36.4 | 38 | 37.8 |
| 3 | Min.Temp.(°C) | 18.5 | 18.2 | 20.2 | 20.6 | 19.5 | 18.8 | 20 |
| 4 | RH-I (%) | 48 | 51 | 47 | 52 | 76 | 89 | 80 |
| 5 | RH-II (%) | 11 | 11 | 9 | 15 | 17 | 14 | 15 |
| 6 | Wind Speed (kmph) | 5.5 | 4.2 | 4.3 | 4.3 | 6.3 | 7.7 | 6.1 |
| 7 | Wind Direction(deg.) | S-180 | NE-45 | NE-315 | NE-315 | SW-225 | S-180 | NW-315 |
| 8 | Total CC (octa) out of 8 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

Weather Forecast from 10/03/2021 to 14/03/2021

| No. | Parameter | 10/03/2021 | 11/03/2021 | 12/03/2021 | 13/03/2021 | 14/03/2021 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Max.Temp.(°C) | 38 | 38 | 37 | 37 | 38 |
| 3 | Min.Temp.(°C) | 20 | 19 | 20 | 21 | 21 |
| 4 | RH-I (%) | 49 | 61 | 47 | 40 | 24 |
| 5 | RH-II (%) | 13 | 13 | 18 | 12 | 13 |
| 6 | Wind Speed (kmph) | 13.8 | 14.6 | 14.4 | 13.9 | 15.9 |
| 7 | Wind Direction(deg.) | W-259 | W-261 | W-281 | N-15 | E-68 |
| 8 | Total CC (octa) out of 8 | 0 | 0 | 0 | 0 | 0 |

**Note: Above forecast is the average situation of whole district**

## Agro-Advisory


**Weather Summery**


- The weather in Amreli District is likely to be Partially humid, warm and clear sky forecasted during the next five days. The minimum temperature is expected to be 19 to 21 °C. The maximum temperature is expected to be 37 to 38 ° C.
- Wind speed expected mostly from W, N and E respectively with gusts of 12 to 15 km/h.

**Extended Range Forecast:** The minimum temperature likely to be 20 to 22 °C and maximum temperature likely to be 34 to 36 °C in Saurashtra and Kutch region from 12th to 18th March 2021.

**Jafrabad Block:** Relatively warm and clear sky weather forecasted in the next five days. The minimum temperature is likely to be in the range of 23 to 27 °C and the maximum

| | |
|---|---|
| | temperature is likely to be in the range of 33 to 35 °C. The direction and speed of the wind gust are likely to be NW to N and 15 to 18 km/h, respectively. |
| **General Advisory** | ○ To maintain pore space in soil practice of cultivation, ploughing, breaking of clods, and level it after the harvesting of Rabi/Pre-rabi and Summer crops and preparere it for the Kharif crop sowing.<br>○ Use plastic mulch or crop wastage mulch for the moisture conservation and weed control.<br>○ Land preparation of summer Green gram and Black gram.<br>○ To harvest the rabi crops viz., Chickpea, Cumin and Coriander and dry out it in shade.<br>○ Keep animals under shade of tree, give drinking water and also spray the water on the body of animals. |
| **SMS Advisory:** | ○ Give more potassium & sodium in mineral mixture to animals during summer season. |




| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Chili** | | **Micro nutrient management** | • The deficiency of zinc and iron prevailing frequantly in chili. Apply zinc sulphate and ferous salphate if there observed the same. |
| | | **Picking** | • Picking of green chili fruits at 65 to 75 days ater transplanting.<br>• Do picking at 20 to 22 days at intervels. |
| | | **thrips** | • Apply spray of carbofuran 3G @ 17 kg/h at 15 days after transplanting also apply Trizophos 40 EC @ 10 g/10 l |

| | | | |
|---|---|---|---|
| | | | water 30 days after transplanting at 10 to 15 days of interval. |
| **Cotton** | **Mitigation** | Pink bollworm | • Timely picking of the cotton and after that graze sheep, goats and cattle in cotton field.<br>• Make organic ferilier of stalk of the cotton<br>• Remove and destroy the undesired plants of cotton in and around the field.<br>• |
| **Maize** | | Fall army Worm | <br>• Newly emerged larvae feeding chlorophyll from levaes causes white patches on leaves. The excreta of larvae is looks alike wooden powder.<br>• Install light trap 1/ha<br>• For biological control apply spray of beauveria bassiana or metarhzium anisoplae @ 40 g/ 10 liter of water.<br>• Larvae not feeding those leaves where sprayed neem based insecticide. Spray neem seed kernel powder @ 500g (5% extract) or neem oil @ 30 to 40 ml with washing powder @ 10 g in 10 liter of water.<br>If there is more infestation, then spray, chloropyriphos 20 EC @ 25 mlor Spinosad 45 SC @ 3 ml or emamectin benzoate 5 SG @ 3g or chlorantraniliprole 18.5 SC @ 3 ml in 10 liter of water. |
| **Sesame (Summer)** | Field Preparation and Variety Selection | Weed Management | • Keep sesame crop free from weeds for 30 to 45 days after Sowing. For this do one to two interculturing and hand weeding twice. |
| | | Irrigation | • Apply 2nd Irrigation as a light irrigation, at this time plants have very less height and it may be died due to water lagging.<br>• The second irrigation should be given immediately after sowing and the second irrigation should be given six days after sowing.<br>• Apply total of 8 to 10 irrigation at intervals of 8 to 10 days depending on the growth stage, type of soil and weather conditions. |
| **Watermelone** | Sowing to | Sowing time | • 2nd Week of January to Last week of March |

| | | | |
|---|---|---|---|
| | Vegetative | Spacing and Seed rate | • Planting of watermelon at a distance of 2 m × 1 m depending on the soil texture and its fertility or by twin-row method at a distance of 1 m × 0.6 m × 3.4 m (1 m between two plants in each row, 3.4 m between two rows) To sow. Fruits remain small size in short distance planted crop. Considering the sowing distance and seed size, 2.5 to 3.0 kg Seeds are required for sowing one hectare. Seed treatment with fungicide before sowing Planting of hybrid. |
| | | Maintain the sex ratio | • To maintain the sex ratio (more number of female flowers), spray borax @ 3-4 g/l at 2-4 leaf stage |
| | | Top dressing | • Apply 14 Kg of N/acre at 25 days after sowing as top dressing. |
| | | Crop Protection | • Use yellow sticky traps for whitefly and aphids and blue sticky trap for thrips @ 4-5 trap/acre |
| | | Pruning | • Excepting one main branch and two sub branches the pruning should be done of remaining branches of vine.<br>• If their volume of the fruit is important than the number of fruits. Thinning of the fruits should be done when fruit are in small size |
| | | Training | • Training is the important practiced to grow the vine of watermelon in one side. So farmers can irrigate easily in farrow and fruits can be prevent from the loss of excessive moisture. |
| **Green gram Black gram** | Field Preparation, Germination | Sowing time | • February 15th to March 15th |
| | | | • Apply well decomposed FYM @ 4 t/acre or vermicompost @ 2 t/acre treated with Trichoderma 2-3weeks before sowing. |
| | | | • At the time of field preparation, adopt stale seed bed technique i.e. pre sowing irrigation followed by shallow tillage to minimize the weeds menace in field. |
| | | | • Growing intercrops such as marigold for the control of blister beetle, whitefly and leaf hoppers. |
| | | Seed rate | • Line Sowing: 15-20 kg/ha<br>• Broadcasting:20-25 kg/ha |
| | | Seed treatment | • Thiram or Carbendazim @ 3 g/kg seed |
| | | Rhizobium Treatment | • Apply 5 mll/ kg seed after fungicide treatment |
| | | Fertilizer | • 20-40-00 NPK kg/ha at the time of sowing with Sulphur @ 20 kg for the increased the protein and quality of the |

| | | | |
|---|---|---|---|
| | | | grain |
| | | | |
| | | Irrigation | • First Irrigate the field and sowing of the crop and the first irrigation to be apply at 25 to 30 days after sowing |
| **Pearl Millet** | Field Preparation and Variety Selection | Transplanting | • If farmers want to sowing pearl millet after Rabi crop, then they should prepare bed for the seedling before 20 to 25 days. |
| | | Fertilizer | • Apply half amount of nitrogen (60 kg) and all amount of phosphorus (60 kg) as Basel dose in the furrow before Sowing.<br>• Apply half amount of remaining nitrogen (60 kg) as supplementary fertilizer after weeding and thinning at 30 days after sowing.<br>• Apply supplementary fertilizer at 8 to 10 cm from plant row at 7 to 8 cm of depth. |
| | | Irrigation | • Apply 6 to 7 irrigation generally in sandy loam soil at 12 to 15 days of intervals.<br>• Critical Stages for the irrigation: Germination stage(3-5 days), Tillering stage(21-35 days), Boot leaf stage(45-65 days), Flowering stage(55-75 days) and Grain filling stage(70-90 days). |
| | | Weed Management | • Keep the millet crop free from weeds for 45 DAS and conserve moisture.<br>• Apply spray of the herbicide Atrazine 50% W. P. Dissolve 10 gm/10 liters of water before the germination of crop and weed in case of shortage of labor. |
| **Mango** | Mung/ grain sized fruit Pea sized fruit / Marble sized fruit | Fruit dropping | • spray 2 g of naphthalic acetic acid (20 ppm) and 1 kg of urea in 100 liters of water when fruits are Mung / sorghum grain sized. |
| | | Irrigation | • Apply Irrigation at 15 days of interval when the fruit is about size of pea. |
| | | Fruit dropping | • When the fruit is about the size of a pea, spray gibberellic acid @1 g /100 liters of water (10 ppm) (first dissolve gibberellic acid in 50 ml acetone or alcohol or sodium hydroxide and then in 100 liters of water) and spray with one kg of urea. |
| | | Fertilizer | • Apply 2nd Irrigation followed by 12:32:16 NPK @ 500gm + 2kg Castor cake per tree after application of gibberellic acid.<br>• apply 5 to 10 kg of organic manure per plant like |

| | | | |
|---|---|---|---|
| | | | vermicompost or poultry manure or press mud If chemical fertilizer is not wanting to apply.<br>• Dissolve Azotobacter @ 25 ml, Phosphobacteria @ 25 ml, Potash bacteria @ 25 ml, and Super Potassium Humic in 20 liters of water and apply this solution two feet away from the trunk of the tree @ 2 liters per plant after the fertilizer treatment. |
| | | Green manuring/ Spongy tissue /Mulching  | • Cover the open ground or sowing Green gram/cluster bean / sunn-hemp to maintain moisture in the soil of mango orchard and use it as in-situ green manuring after completion of mango crop when there is Fruit on the tree to prevent sponge tissue disease. And in other mangoes, the stains from the sun heat on the fruit can be prevented. |
| | | Powdery mildew | • Apply spray of wettable sulphur @ 250g/100 L water to control powdery mildew during flowering. |
| **Lime**  | Fruiting | Citrus Canker  | • Apply four spray of Bordeaux mixture or copper-based fungicide in November, February, June and July for the control of the citrus canker. |
| | | Fruit dropping | • Apply urea 2% with NAA 2 ppm during fruiting to decrease the quantity of fruit dropping. |
| | | Gummosis | • Pruning of branches attached to soil.<br>• Paste Bordeaux mixture on bark of the tree.<br>• Drenching of metalaxyl MZ 72 WP @ 25 g/ 10 l water around bark of the tree |
| **Groundnut Summer**  | Germination to Flowering | Irrigation | • first irrigated provide immediately after the planting.<br>• The second irrigation should be given on 20 to 25 days at the time of the initiation of flowering, and the third irrigation should be given on 30 to 35 days at pegging stage. |
| | | Weeding and Intercuturing | • Keep crop weed free till the 45 days of sowing, Do 2 to 3 hand weeding or Apply Imazethapyr 10 SL @ 15 ml or quizalofop ethyl 5 EC @ 16 ml per pump. |
| **Onion** | Bulb formation | | • Seed should be sown on raised seedbed for seedling purpose.<br>• Cary out transplanting of onion, if seedling is ready. |

| | | | |
|---|---|---|---|
|  | | | • For the control of purple blotch blight and fusarium wilt disease in onion make 3 alternate sprays of Mancozeb 25 gm and Carbendazim 10 gm in 10 litres of water at 10 days interval. |
| **Garlic**  | Bulb growth/ Maturity | Fertilizer | • Apply 25 kg Nitrogen fertilizer at one month after sowing as supplementary dose. |
| | | Thrips | • Apply schedule spraying of Beauveria bassisana 1.15 WP (Min. 2x106 cfu/g), first spray at initiation of pest infestation 0.0035 % (30 g/10 l of water). Subsequent second 0.007 % (60 g/10 l of water) and third 0.009 % (80 g/10 l of water) spray at 10 days interval for effective and economical management of thrips, Thrips tabaci in garlic. |
| **Brinjal**  **&** **Tomato**  | Fruit Development | Sucking pest | • For minimize population of whitefly, Spray 500 ml of 5 % neem seed extract or neem oil 50 ml or Difenthiuron 50 WP @ 16 gm / 10 lit of water. |
| | Fruit Development | Shoot & Fruit borer | • In brinjal and tomato crops, monitoring of borers by using pheromone traps 4-6 per acre is advised. For control of shoot and fruit borer in brinjal and tomato crops, infested fruits and shoots should be collected and buried into the soil. If insect population is above ETL then spraying of chlorantraniliprole18.5 % SC 3.0 ml or DDVP @ 7 ml/10 litre of water is advised. |
| | | Mites | • If infestation of mite is observed in brinjal, then spraying of Ethion 50 EC 15 ml or Propargite 57 % EC @ 10 ml/ 10 litre of water. |
| | | Little leaf | • Apply Carbofuran 3g @ 1 kg a.i./ha around the plant by ring method due to the disease is transmitted through jassids. Also, apply a spray of dimethoate 30 EC @ 10 ml or thiamethoxam 25 WG @ 4 gm at 10 to 12 days of intervals. |
| **Wheat (Late)**  | Crown Root initiation and tillering | Leaf blight and rust | • To control leaf blight and rust in wheat, at the beginning of the disease Apply a spray of Mancozeb 75 WP 27 gm in 10 litres of water twice at 15 days of interval. |
| | | Termite | • If a termite infestation is observed in the standing crop of wheat, immediately apply Fipronil 5 SC @ 1.6 litres or Chlorpyrifos 20 EC @ 1.5 litres with 100 kg of sand or soil per hectare. then lightly irrigate the crop. |
| **Wheat (Timely)** | Milking to Dough stage | Kernal Bunt and loose smut | • To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.<br>• If there observe these diseases than apply mancozeb 25 to |

| | | | |
|---|---|---|---|
| | | | 30 g or chlorothalonil 25 g in 10 l of water |
| | | Maintain Purity of seed | • Do roughing in wheat to maintain the purity of seed of wheat. |
| **Wheat (Early)** | Dough stage to maturity | Kernal Bunt and loose smut | • To prevent loose smut and kernel bunt in wheat don't apply after dough stage.<br>• If there observe these diseases than apply mancozeb 25 to 30 g or chlorothalonil 25 g in 10 l of water |
| | | Maintain Purity of seed | • Do roughing in wheat to maintain the purity of seed of wheat. |
| **Cumin**  | Maturity to Harvesting | Harvesting | • Cumin crop should be harvested at the morning. Do harvesting of the crop at the specific maturity of the crop The quality of the crop is depends on seed color, aroma, its appearance and innate matter on seeds.<br>• Do not spray pesticides having high PHI index before 20 to 25 days before harvesting. |
| **Livestock**  | | | • Apply fibre-rich feed to animals in summer seasons, because it will maintain the body temperature and respiration.<br>• Apply optimum limited protein rich feed to milch animal who produces high milk. Protein produces more heat rom animal body and it may affect the reproduction system of that animal.<br>• Give bypass protein to cow to increase the milk production and fat.<br>• Give more potassium & sodium in mineral mixture during summer season. |

**Subject Matter Specialist**
**Agrometeorology**